

## સુરક્ષાસેતુ પ્રોજેક્ટ અંતર્ગત આર્યોદય ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીનગરના સહયોગથી બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાની આશરે ૪૦૦૦ બહેનો સ્વરક્ષણની કળાથી સજ્જ બની

તાજેતરમાં બનાસકાંઠા જીલ્લાના ધાનેરા તાલુકામાં સુરક્ષાસેતુ પ્રોજેક્ટ અંતર્ગત આર્યોદય ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીનગરના સહયોગથી ધાનેરાની વિવિધ સ્કુલોમાં વિદ્યાર્થીનીઓને તેમજ જડિયા, ભાટીબ, રૂણી, ડુંગડોલી, ગાઢેવાળા, માલોતરા, જાડી, વાલેર, વસણ, વોડા, મોટા રામપુરા, સોતવાળા, ફતેપુરા જેવા ગામોમાં બહેનોને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવી હતી. ધાનેરા તાલુકાની આશરે ૪૦૦૦ બહેનોને જુડો-કરાટેમાં બ્લેક બેલ્ટની તાલીમ આપવામાં આવી હતી તેમજ એન. આઈ. એસ. કોચ એવા કું.કિલ્લોલ એસ. સાપરિયા, કું. નીતિ હરજીવનભાઈ પટેલ (કરાટે બ્લેક બેલ્ટ), કું. રીના પી. ચૌધરી (કરાટે બ્લેક બેલ્ટ) જેવા નિષ્ણાતો ધ્વારા સ્વરક્ષણની તાલીમ આપવામાં આવી હતી. આ સાથે તાલીમ લીધેલ બહેનોની તસ્વીર દ્રષ્ટિગોચર થાય છે.

# ડીસામાં ખાતરની તંગીથી ત્રસ્ત ખેડૂતોનો બળાપો : રાજ્ય-કેન્દ્ર સરકાર જુઠ્ઠાણું ચલાવે છે

ડીસા, તા. ૨૮

ડીસા તાલુકામાં શિયાળુ સીજનમાં ખાતર વિના ખેડૂતોની હાલત દયનીય બની છે કેમ કે, અહી ખેતી માટે જરૂરી યુરીયા ખાતરની કુત્રિમ અછત ઉભી કરાઈ છે. જેથી ખાતર વેચતા વહેપારી પાછલા બારણેથી વધુ રકમ પડાવી ખાતર વેચતા અહીના ખેડૂતો રોષે ભરાયા છે, અને રાજય સરકાર તેમજ કેન્દ્રમાં રહેલી ભાજપ સરકાર જગતનાં તાત એવા ખેડૂત માટે માત્ર વચનોની લ્હાણી કરી જુઠ્ઠાણું ચલાવે છે તેવું જાહેર કરી આજે ડીસા મામલતદાર ને આવેદન પત્ર આપતા મામલો ગરમાયો છે.

બનાસકાંઠાના ડીસા તાલુકામાં ચાલુ વર્ષનાં શિયાળુ પાક માટે જરૂરી એવા યુરીયા ખાતરની તીવ્ર તંગી વર્તાઈ રહી છે બે દિવસ પહેલા જ ડીસામાં ખાતર ડેપો ઉપર યુરીયા ખાતર મેળવવા ખેડૂતોએ પડાપડી સાથે હોબાળો મચાવતા પોલીસ બોલાવવી પડી હતી. ત્યારે ખાતરની આ તંગી કુત્રિમ છે અને કેટલાક ડીલરો પાછલા બારને નફો મેળવવા અને કાળાંબજાર કરવા જરૂરીયાતમંદ ખેડૂતોને ખાતર ન આપતા હોવાનું ખેડૂત આગેવાને જણાવેલ છે ત્યારે આજે આ સમસ્યાથી ત્રાહિમામ થયેલા ખેડૂતોની વ્હારે ભારતીય કિશાન સંઘ આવ્યો હતો અને ૧૦૦૦ જેટલા ખેડૂતોએ આજે ડીસા મામલતદાર કચેરી આગળ ધરણાં કરી ખેડૂત બચાવોનાં સુત્રોચાર કરી ખાતરનાં અભાવે ખેતરોનો ઉભો પાક નાશ પામી રહ્યો હોવાની રજૂઆત કરી હતી, અને તાત્કાલિક અસરથી યુરીયા ખાતર ઉપલબ્ધ કરાવવાની માંગ સાથે ખેડૂતોએ ડીસા મામલતદાર શિવરાજ ગીલ્વાને એક આવેદનપત્ર આપ્યું હતું અને જો દિન બેમાં આ સમસ્યાનો અંત નહિ આવે તો ડીસા પંથકના તમામ ખેડૂતો ગાંધી ચિંધ્યા માર્ગે ધરણાં કરશે તેવી ચીમકી ઉચ્ચારી હતી.

આ સમસ્યા અંગે ભારતીય કિશન સંઘ --મુખ અને ખેડૂત આગેવાન હીરાજી ગણેશાજી માળી એ સીધે સીધો રાજય સરકાર અને કેન્દ્ર સરકાર પર હુમલો કરી ખેડૂતો -ત્યેના તેમના ઓરમાયાની ઝાટકણી કાઢી હતી, અને જણાવ્યું હતું કે રાજય અને કેન્દ્ર સરકાર ખેડૂતોના વિકાસની વાતો કરી જુઠ્ઠાણું ચલાવે છે, જે શરમ જનક છે, છેલ્લા ૧૫ દિવસથી ખેડૂતો ખાતર વિના દુ:ખી છે, ખેડૂત દુખી થશે તો રાષ્ટ્ર દુખી થશે, જો બે દિવસમાં ખેડૂતોને ખાતર નહી મળે તો ગાંધી ચિંધ્યા માર્ગે અમો માંમલતદાર કચેરી આગળ અચોક્કસ મુદત ના ધરણાં કરીશું તેવું જાહેર કરતા આ મામલો ગરમાયો છે.

જોકે ખેડૂતોએ દુખી મને જણાવ્યું હતું કે સરકાર ખેતીના ઉંચા આંકડા બતાવી ખેતીના વિકાસના દાવા કરે છે. પરંતુ હકીકતમાં ખેડૂતોને બિયારણ અને ખાતર મેળવવાના ફાંફા થઈ પડયા છે. તેમ છતાં ખેત ઉત્પાદનના પુરતા ભાવો પણ મળતા નથી. તેથી ખેડુતો ઉલટાનું વધુને વધુ દેવાદાર ર બની રહ્યાં છે.ત્યારે ડીસા માં ખેડૂતો એ પોતાની પીડા અને ન્યાયીક્ માંગ આવેદનપત્ર સ્વરૂપે ડીસા મામલતદાર શિવરાજ ગીલ્વા ને રજુ કરતા તેમને આ મામલે ઘટતી કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.

# મોડાસામાં આર.ટી.ઓ. કચેરી દયનીય હાલતમાં

### અરવલ્લી જિલ્લાના મોડાસામાં 'એ' આરટીઓ કચેરી બનાવવાની માંગ : અરવલ્લી જિલ્લામાંથી ૫૦ રૂપિયાનો દંડ ભરવા પણ હિંમતનગર જવું પડે છે : અરવલ્લી જિલ્લામાં ૬ તાલુકા આવેલા છે : મોડાસાથી નંબર પ્લેટ લગાડવા માટે પણ હિંમતનગર જવું પડે છે


મોડાસા, તા. ૨૮

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ૧૯૯૭થી



આરટીઓ કચેરી શરૂ કરવામાં આવી છે. પણ હાલ આ આરટીઓ કચેરીની હાલત એટલી દયનીય છે કે કોઈ પણ સાધનના માલિક આ કચેરીમાંથી લાયસન્સ નંબર પ્લેટ કે દંડ પણ આ કચેરીમાં ભરી શકતો નથી.

મોડાસા શહેરમાં મોટરવાહન નિરીક્ષકની કચેરી ૧૯૯૭ થી કાર્યરત કરવામાં આવી છે કે જેની હાલત એવી છે કોઈ જગ્યાએ મંદિર છે પણ ભગવાન નથી. તેનું માત્ર કારણ એક જ છે આ કચેરીમાં





(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ, મોડાસા)

આરટીઓ મુકવામાં આવ્યા છે પરંતુ તેના પાસે કોઈ પણ પાવર્સ નથી. આ કચેરીમાં આવનાર વ્યક્તિને લાયસન્સ લેવું હોય અથવા કોઈ દંડ ભરવો હોય, પાર્શિંગ કરાવવું હોય અથવા કોઈ પણ આરટીઓ કચેરીના લગતા કામકાજ કરવા હોય તો આ કચેરીમાંથી એક જ જવાબ મળે છે આના માટે તમારે સાબરકાંઠા હિંમતનગર જવુ પડશે. તો નાગરીકો એવું કહી રહ્યા છે. ૫૦ રૂપિયાની દંડની પાવતી ભરવા ૨૦૦ રૂપિયાનું ભાડુ ખર્ચવું પડે. જો હિંમતનગર જ જવાનું હોત તો આરટીઓ કચેરી મોડાસામાં આપવાની જરૂર જ ક્યાં હતી. મોડાસાની આરટીઓ કચેરીની 'એ' આરટીઓ કચેરી વહેલી તકે આપવામાં નહિ આવે તો અરવલ્લી જિલ્લાના નાગરિકોએ ઉગ્ર આંદોલનની ચીમકી આપી હતી.

વ્હીકલના માલિકો જણાવે છે કે ભલે આરટીઓ કચેરી ૧૯૯૭ થી કાર્યરત હોય પરંતુ મોટરવ્હીકલના કોઈ પણ કામ કરવાના હોય તો મોડાસા આરટીઓ કચેરીમાં થઈ શકતા જ નથી અને અરવલ્લી જિલ્લો ૧૫ ઓગસ્ટ-૨૦૧૩ માં જાહેર થયો ત્યાંથી માંડીને જિલ્લાની કેટલીયે કચેરીઓ કાર્યરત થઈ પરંતુ આરટીઓ કચેરી એ આરટીઓ કચેરી ક્યારે બનશે જિલ્લાના ૬ તાલુકાના કામ આ કચેરીમાં ક્યારે થશે. તેની ચિંતા લોકોને સતાવી રહી છે.

અરવલ્લીના નાગરીકો જણાવે છે સરકાર તરફથી ટ્રાફિક ઝુંબેશ શરૂ કરવામાં આવ્યો છે અને તેના કેટલાયે નાગરિકોને દંડ પણ થયા પરંતુ આ વ્હીકલનો દંડ ભરવા માટે અરવલ્લીના નાગરિકો અંતરયાર્ડ વિસ્તારમાંથી આવતા હોય તો તેમને છેક સાબરકાંઠાથી ભાડુ અને નોકરી-ધંધામાં રજા બગાડીને જવું પડતું હોય છે ત્યારે પબ્લીકને વધુ પડતુ પરેશાન થવુ પડે છે. આ કચેરીમાં ૨૦ ટકા જ કામ થાય છે ત્યારે ૮૦ ટકા કામ હિંમતનગર ખાતે થાય છે તો લોકોને સમય અને પૈસા ન બગડે તેના માટે આ કચેરીની જલદીથી એ આરટીઓ કચેરીની માન્યતા આપવામાં આવે તો લોકોને પડતી હાલાકીનો અંત આવે.


મોડાસા આરટીઓ કચેરી ૧૯૯૭થી કાર્યરત થઈ ત્યારબાદ ૧૫ ઓગસ્ટ-૨૦૧૩ થી અરવલ્લી જિલ્લો જાહેર થયો જેમાં ૬ તાલુકા કાર્યરત થયા બાદ ૨૦૧૪-૧૫ માં 'એ' આરટીઓ તરીકે આ ઓફીસને સરકાર દ્વારા અપગ્રેડ પણ કરવામાં આવેલી છે જ્યારે અત્યારે હાલ જે જગ્યાએ ઓફીસ છે તે ઓફીસનું મકાન નાનુ છે જ્યાં પાણીની પણ સગવડ નથી. ટોયલેટની પણ સગવડ નથી તથા અન્ય કોઈ પણ જાતની સગવડ વિહીન આ કચેરીનું મકાન છે જો મોડાસામાં સારૂ મકાન મળી જાય તો જ્યાં નેટ લાઈન તથા અન્ય સુવિધાઓ મળી અરવલ્લી જિલ્લાને મળી જીજે ૩૩ ના કોડ સાથે 'એ' આરટીઓ કચેરી શરૂ થઈ જાય તેવું આરટીઓ ઓફિસર જણાવે છે. પરંતુ હાલ તો એક વાત નક્કી જ છે કચેરી અને અધિકારીઓની વાતોમાં અરવલ્લી જિલ્લાના દૂર-દૂરથી આવતા લોકો પૈસા પાણીમાં વેડફાય છે.

# પોસ્ટ વિભાગની બેદરકારીને લીધે પ્રાંતિજનો વિદ્યાર્થી રેલવેની પરીક્ષાથી વંચિત

### પોસ્ટની ધીમી ગતિએ પરીક્ષાના પાંચ દિવસ પછી વિદ્યાર્થીના ઘરે કોલ લેટર આવ્યો

પ્રાંતિજ, તા. ૨૮

લો કરલો બાત...! યંત્રના યુગમાં પણ હજુ પોસ્ટ વિભાગની ગતિમાં કોઈજ ફેર ના પડ્યો હોય તેવો કિસ્સો પ્રાંતિજમાં પ્રકાશમાં આવ્યો છે.



પ્રાંતિજના સાંપડ મુકામે એક વિદ્યાર્થીએ રેલવેની પરીક્ષા આપવા માટેની પુરી તૈયારી કરી હતી પરંતુ પરીક્ષા પુરી થયાના પાંચ દિવસે પરીક્ષા પત્ર મળતા વિદ્યાર્થીની મહેનત ઉપર પાણી ફરી વળ્યું છે. પોસ્ટ વિભાગની બેદરકારી અને ધીમી ગતિથી વિદ્યાર્થી પરીક્ષાથી વંચિત રહ્યો છે.

પ્રાંતિજ તાલુકાના સાંપડ મુકામે રોહિતવાસ આવેલ છે. જ્યાં શૈલેષ નટવરલાલ પરમાર પોતાના પિતા સાથે રહે છે અને છેલ્લા ઘણા સમયથી બેરોજગાર શૈલેષ રેલ-વેમાં જોડાવવા માટે રેલવેની પરીક્ષાની રાત-દિવસ એક કરી તૈયારી કરી રહ્યો છે. થોડા સમય અગાઉ રેલ-વેની ભરતીની જાહેરાત પડતા ફોર્મ ભરી ઉમેદવારી નોંધાવી હતી. દરમિયાન રેલવેની પરીક્ષા જાહેર થઈ હતી. જો કે પોસ્ટ વિભાગની બેદરકારીને પગલે વિદ્યાર્થીની તૈયારી અને મહેનત પર પાણી ફરી ગયું હતું. યંત્ર યુગમાં પણ પોસ્ટ વિભાગની ધીમી ગતિના કારણે પરીક્ષાથી વંચિત રહેતા પોસ્ટની કામગીરી ઉપર વિદ્યાર્થીએ રોષ ઠાલવ્યો હતો.

# હિંમતનગરના પાણપુરમાં પોલીસ ચોકી બનાવવા માંગ

હિંમતનગર, તા. ૨૮

હિંમતનગરના સવગઢ (પાણપુર પાટીયા) વિસ્તારમાં વધતી જતી ગુનાખોરી અને અસામાજીક પ્રવૃત્તીઓનું પ્રમાણ વધતા સ્થાનિક રહિશો તોબા પોકારી ઉઠ્યા છે અને પોલીસ વડા તુરંત આ મામલે કાર્યવાહી કરી પોલીસ ચોકી ઉભી કરાવી દેવી માંગ કરી છે.

હિંમતનગરના સવગઢ (પાણપુર પાટીયા) વિસ્તારમાં છેલ્લા ઘણા વખતથી ચોરી, ઘરફોડ સહિતના ગુન્હાઓમાં નોંધપાત્ર વધારો થવા પામ્યો છે. બીજી બાજુ અસામાજીક તત્વોએ પણ આ વિસ્તારને બાનમાં લઈ પોતાની ગેરકાયદેસર પ્રવૃત્તિઓને ચલાવી રહ્યા છે. આ વિસ્તારમાં નાની મોટી શૈક્ષણિક સંસ્થાઓ આવેલી છે, જ્યારે ૨૦૦ થી વધુ વેપારીઓ પોતાની દુકાનો ચલાવે છે, ત્યારે રોજ રોજના આ અસામાજીક તત્વોની કનડગત સામે તોબા પોકારી ઉઠ્યા છે. અને અનેક રજુઆતો કરી છે. પરંતુ કોઈ કાર્યવાહી ન થતા જનહિત સેવા ટ્રસ્ટના પ્રમુખ નિશાર એહમદ શેખે જિલ્લા પોલીસ વડાને લેખીતમાં અરજી કરી તુરંત પોલીસચોકી ઉભી કરવામાં આવે તેવી માંગ કરી છે.

# ખેડબ્રહ્મા કિસાન સંઘ દ્વારા ગૃહમંત્રીને આવેદનપત્ર અપાયું

ખેડબ્રહ્મા, તા. ૨૮

ચાલુ સાલે ચોમાસુ પાકમાં કપાસ, મગફળીના પાકમાં થોડુ ઘણુ જ ઉત્પાદન થવા પામ્યુ છે. જેમાં જે ખરીદી કરવામાં આવે છે તે ટેકાના ભાવથી ઘણા જ નીચા છે જેની સામે ખેડૂતોને ઉત્પાદન ખર્ચ વધુ આવે છે, જેથી ખેડૂતોને ભારે નુકશાનનો સામનો કરવો પડેલ છે. ચાલુ સાલ સરકાર કૃષિ વર્ષ તરીકે ઉજવી રહી છે ત્યારે ખેડૂતોને ભાવમાં પ્રોત્સાહન આપવા વિનંતી કરી કપાસ, મગફળી, ડાંગર, ઘઉંમા ટેકના ભાવમાં પોષણક્ષમ ભાવ વધારો નક્કી કરી ખરીદી કરવી. કૃષિ પાકોમાં થતા ભેલાણ અંગે નીતિ બનાવી રોઝ, ભુંડ અંગે અભ્યારણ બનાવવા, ખેડબ્રહ્મા તાલુકામાં યુરીયા ખાતરની અછત દૂર કરવા માગણીઓ કરતુ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

## ગુજરાત સ્ટેટ ફાર્મર એડવાઈઝરી કમિટીમાં શંકરભાઈ પટેલની નિમણુંક

મોડાસા, તા. ૨૮

ભારત સરકારના એગ્રી કલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી



પુરસ્કૃત આત્મા ડાયરેક્ટર કચેરી ગુજરાત રાજ્ય દ્વારા તાજેતરમાં સ્ટેટ ફાર્મર એડવાઈઝરી કમિટીની રચના થતા બાયડ તાલુકાના ભુડાસણ ગામના શંકરભાઈ પટેલની ગુજરાત સ્ટેટ ફાર્મર એડવાઈઝરી કમિટીના મેમ્બર તરીકે નિમણૂંક કરવામાં આવી છે. શંકરભાઈની નિમણૂંકને લઈ જિલ્લાના રાજકીય તેમજ સહકારી આગેવાનો અને શુભેચ્છકો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાની પ્રાથમિક શાળાઓમાં ગુણોત્સવ કાર્યક્રમ સંપન્ન

મોડાસા, તા.૨૮

રાજય સરકારના પ્રાથમિક શિક્ષણ વિભાગ નિર્મીત ગુણોત્સવ કાર્યક્રમ અંતર્ગત અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાની ૪૦ પ્રાથમિક શાળાઓમાં ગુણોત્સવ કાર્યક્રમ સરકારી પ્રતિનિધિઓની હાજરીમાં યોજાયો.

ગુજરાત રાજયના શિક્ષણ વિભાગના પ્રાથમિક શિક્ષણ વિભાગમાં સુધારીકરણના હેતુથી ગુણોત્સવ કાર્યક્રમનું અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાની પ્રાથમિક શાળાઓમાં તા. ૨૦ નવેમ્બરથી ૨૨ નવેમ્બર એમ ત્રણ દિવસ સુધી ચાલેલા ગુણોત્સવમાં ગુજરાત રાજય સરકારના ઉચ્ચ સકારી પ્રતિનિધિ વી.જે. વાળંદ જેવા ઉચ્ચ સરકારી બાબુઓની હાજરીમાં યોજાયો હતો. મોડાસા તાલુકાના ગુણોત્સવ મહોત્સવમાં અરવલ્લી જિલ્લા કલેકટર બી.જે. ભટ્ટ, સી.ડી.પી.ઓ. મોડાસા તથા મોડાસા તાલુકા અને હિંમતનગરના સરકારી પ્રતિનિધિ, ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્ય, બી.આર.સી. મોડાસા તાલુકો તેમજ સી.આર.સી. કો ઓર્ડીનેટરો તથા ગામના પ્રતિષ્ઠિત લોકોની ઉપસ્થિતિમાં દરેક પ્રાથમિક શાળાઓમાં શાળાની વિદ્યાર્થીઓની ગણન લેખન અને વાંચનની ચકાસણી કરવામાં આવી હતી તેમજ વાંચન મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. સરકારી અધિકારીઓએ પ્રાથમિક શાળામાં આપવામાં આવતા મધ્યાહન ભોજનની ચકાસણી કરી હતી. ગુણોત્સવ કાર્યક્રમ દરમિયાન શાળાઓ અને શિક્ષકોને ગ્રેડેશન આપી સરકારી વિભાગમાં રીપોર્ટ કરવામાં આવે છે અને શાળાઓને રેન્ક આપવામાં આવશે. ગુણોત્સવનો મુખ્ય હેતુ પ્રાથમિક શાળાઓમાં શિક્ષણનું સ્તર સુધરે તેમજ વિદ્યાર્થીઓને આરોગ્યપ્રદ ભોજન મળે તે મુખ્ય ઉદ્દેશ છે. છેલ્લા ૫ વર્ષથી યોજવામાં આવતા ગુણોત્સવના કાર્યક્રમના કારણે પ્રાથમિક શિક્ષણમાં સુધારો જોવા મળે છે.

# સરસપુરમાં કમળાના વધુ સાત કેસ

અમદાવાદ શહેરમાં કમળાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. કમળાના રોગને કાબૂમાં લેવામાં સફળતા મળી રહી નથી. દરરોજ નવા નવા કેસો સપાટી ઉપર આવી રહ્યા છે. સત્તાવાર રીતે અમદાવાદ શહેરના કમળાગ્રસ્ત સરસપુરમાં વધુ સાત કેસ સપાટી ઉપર આવ્યા છે. લોકોમાં ભય ફેલાઈ ગયો છે. સામાન્ય લોકો પણ હાલ સાવચેતીના પગલા લઈ રહ્યા છે. સાવચેતીના તમામ પગલા છતાં નવા કેસ સતત સપાટી ઉપર આવી રહ્યા છે. શહેરમાં કમળાના વધુ સાત કેસ સપાટી ઉપર આવ્યા છે. આની સાથે જ સરસપુરમાં કમળાના કુલ કેસોની સંખ્યા વધીને ૨૦૪ ઉપર પહોંચી ગઈ છે. અમદાવાદ શહેરમાં ચાલુ મહિનામાં જ કમળાના ૩૪૨ કેસો નોંધાતા સનસનાટી મચી ગઈ છે. ડેન્ગ્યુના પણ ૩૧૨ કેસ નોંધાઈ ચુક્યા છે. એક વર્ષના ગાળામાં કેસોમાં સતત વધારો થયો છે. દરમિયાન શહેરના ઉત્તરઝોનના સરસપુર વોર્ડમાં કમળાના દિવસેને દિવસે કેસો વધતા જાય છે. ભાજપના સત્તાધીશોની નિષ્ક્રિયતાને કારણે અમદાવાદ શહેરમાં સન ૨૦૧૩ની સરખામણીમાં ચાલુ વર્ષે ૨૦૧૪ના છેલ્લા ત્રણ માસ દરમિયાન રોગચાળાનું પ્રમાણ વધી ગયું છે.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
AGL
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧